# ખેલમહાકુંભના ખેલાડીઓને બેન્ચ પર સુવું પડ્યું, ખુલ્લામાં જવુ પડ્યું શૌચ

વડોદરા,તા.૧૫

રાજય સરકાર દ્વારા ગામડાઓમાં ઘરે ઘરે શૌચાલય બનાવાની યૌજના ખોરંભે ચઢી હોવાનું એક ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું. જેમાં શાળામાં પણ વિદ્યાર્થીઓ માટે શૌચાલયની પુરતી સુવિધા ન હોવાની વિગતો પણ સામે આવી છે. જ્યાં એક તરફ રાજ્ય સરકાર દ્વારા ઘરે ઘરે શૌચાલય બનાવવા માટે કરોડો રૂપિયાની યોજનાઓ બહાર પાડવામાં આવી છે. જ્યાં નેતાઓને માટેના મોંઘા દાટ સ્ટેજ સુવિધાઓ તમામ કાર્યક્રમોમાં પુરી પાડવામાં આવે છે, ત્યાં રાજ્યના ખેલાડીઓ માટેની શૌચની તેમજ સુવાની સુવિધાના નામે મીંડુ છે.કહેવાય છે કે ખેલમહાકુંભના કાર્યક્રમ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ પણ ફાળવવામાં આવે છે, તેમ છતાં તંત્રની દ્વારા ખેલાડીઓ માટે ખૂબ જ ગંભીર બેદરકારી સામે આવી છે. જે અંગેની સમગ્ર ઘટના વીડિયોમાં કેદ થઈ છે. છોટાઉદેપુર જીલ્લાના નસવાડી ખાતે આજે રાજય કક્ષાના ખેલમહાકુંભ તિરંદાજી સ્પાર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જોકે આ અંગે સ્થાનિકો દ્વારા જાણવા મળ્યું હતું કે, રાજય સરકારના રમત ગમત વિભાગ દ્વારા આયોજીત ખેલમહાકુંભ અંતર્ગત તિરંદાજી સ્પાર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને શાળામાં શૌચ માટેની પણ પુરતી સુવિધા પુરી પાડવામાં આવી ન હતી. જેથી ૩૦૦ જેટલા ખેલાડીઓને વહેલી સવારે શૌચ માટે ખુલ્લામાં જવાનો વારો આવ્યો હતો. જોકે રાજ્ય સરકાર દ્વારા ખેલમહાકુંભના કાર્યક્રમ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી તેનો વહીવટ કોણે કર્યો અને ખેલાડીઓને શા માટે પુરતી સુવિધા ન આપવામાં આવી તેવા અનેક સવાલો ઊભા થઈ રહ્યાં છે. શૌચાલય બનાવવાની યોજના માટે કરોડો રૂપિયાના ટેન્ડર બહાર પાડવામાં આવે છે. ત્યારે છોટાઉદેપુરના નસવાડી ખાતે સરકાર શૌચાલય બનાવવાની યોજના ઉઘાડી પડી છે.



સાબરકાંઠાના તલોદ પાસેના સિમલીયા ગામે એક યુવાનના ખૂનના આરોપીઓ નહી ઝડપાતા ગ્રામજનો વિફર્યા હતા. મૃતક યુવાનના સગા-સંબંધીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ રેલી કાઢી તલોદ પોલીસ સમક્ષ ન્યાયની રાવ નાંખી હતી. આ સાથે ગ્રામજનોએ પ્રજાની સુરક્ષાની બાબતમાં પોલીસની કથળેલી કામગીરી અંગે પણ રેલીમાં રોષ ઠાલવ્યો હતો.

## ગૌરવ મહાસંમેલન...

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થયો નથી ત્યારે ભાજપના તમામ ટોચના નેતાઓ સક્રિય થઈ ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ ગુજરાત ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી ચુક્યા છે. આના ભાગરુપે જ મોદી આવતીકાલે ફરી એકવાર ગુજરાત પહોંચી રહ્યા છે. મોદીની ગુજરાત યાત્રાની સાથે સાથે નીચે મુજબ છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વતન રાજ્ય ગુજરાત આવી રહ્યા છે
- મોદી રાજ્ય ભાજપ દ્વારા આયોજિત ગૌરવ મહાસંમેલનને સંબોધન કરશે
- ભાજપની વિધાનસભા ચૂંટણી પહેલા ગુજરાત ગૌરવ યાત્રાની પૂર્ણાહૂતિ પ્રસંગે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે
- પહેલી ઓક્ટોબરના દિવસે ૧૫ દિવસની ગુજરાત ગૌરવ યાત્રા શરૂ કરવામાં આવી હતી
- ગુજરાત ગૌરવ યાત્રામાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિતના ટોપના નેતાઓ પહોંચ્યા હતા
- ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા બેઠકો પૈકી ૧૪૯ બેઠકોને ગૌરવ યાત્રા દરમિયાન આવરી લેવામાં આવી હતી
- આવતીકાલે આયોજિત કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રુપાણી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ અને પાર્ટીના અન્ય નેતાઓ ઉપસ્થિત રહે તેવી સંભાવના
- ગયા સપ્તાહમાં મોદીએ રાજકોટ, વડનગર, ગાંધીનગર અને ભરુચમાં જુદા જુદા પ્રોજેક્ટો માટે આધારશીલા મુકી હતી અને લોકાર્પણ કર્યા હતા
- મોદીએ ૮મી ઓક્ટોબરે તેમના વતન વડનગરમાં રોડશોનું આયોજન પણ કર્યુ હતુ
- ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત હવે કરવામાં આવી શકે છે
- મહાસંમેલનમાં સાત લાખથી વધુ કાર્યકરો પહોંચે તેવી સંભાવના
- અમદાવાદ સહિત રાજ્યના જુદા જુદા ભાગોમાં ગાંધીનગર નજીક ભાટ ગામમાં કાર્યક્રમમાં ભાગ લેશે.

# રાહુલ ગાંધી ફરી ગુજરાત આવશે અમરેલી, ભાવનગરની મુલાકાત લેશે

ગાંધીનગર,તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પર સમગ્ર દેશની મીટ મંડાયેલી છે. ખાસ કરીને ભાજપ માટે ગઢ ટકાવવા અને કોંગ્રેસ માટે ગઢમાં કાંગરા ખેરવવાની ટક્કર છે. અત્યાર સુધી ગુજરાત વિધાનસભામાં ક્યારેય કોંગ્રેસ આટલી એક્ટીવ કે અગ્રેસીવ રહી નથી એ આગામી ચૂંટણી માટે દેખાઈ રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યાક્ષ રાહુલ ગાંધી ખુદ રસ દાખવી રહ્યા હોય એ રીતે માસના આરંભે જ સૌરાષ્ટ્રનો ત્રિદિવસીય ઝંઝાવતી પ્રવાસ કરી ગયા બાદ આગામી માસના મધ્યમાં ફરી સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર જીલ્લાના પ્રવાસે આવી રહ્યાના સમાચારો સાંપડે છે.

ચૂંટણી ચક્કરને લઈને સૌરાષ્ટ્રની પ્રથમ યાત્રા જેમ દ્વારકાધીશને માથુ ટેકવીને આરંભી હતી એ રીતે બીજો રાઉન્ડ નવેમ્બરના બીજા અઠવાડીયામાં સોમનાથ મહાદેવ મંદિરે પૂજન, અર્ચન કરીને આરંભશે. ગત વખતે દ્વારકા, જામનગર, રાજકોટ, ચોટીલા, જસદણ, જેતપુર વિસ્તારમાં ઝંઝાવતી પ્રવાસ સાથે કોંગ્રેસમાં ચેતના અને પ્રજામાં આશાની એક ઉમ્મીદ ઉભી કરી હતી. હવે બીજા તબક્કામાં અમરેલી અને ભાવનગર જીલ્લામાં જનતા વચ્ચે જઈને કોંગ્રેસને મજબુત બનાવવાનો પ્રયાસ કરશે.

ગુજરાતમાં હજુ સુધી ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી નથી. જોકે, ડીસેમ્બર મહિનામાં ગમે તે સમયે ચૂંટણી યોજાશે. ભાજપ-કોંગ્રેસ માટે ગુજરાતની ચૂંટણી પ્રતિષ્ઠાના જંગ સમાન બની રહે તેમ છે. કોંગ્રેસ આ ચૂંટણીમાં ભાજપને ટક્કર આપવા કમર કસી રહ્યો છે. જેના ભાગરૂપે રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પ્રવાસ યોજાઈ રહયા છે. રાહુલ ગાંધી સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ તીર્થસ્થાનોના દર્શન પણ કરી રહયા છે. આ બાબત પણ એટલી જ સુચક બની રહી છે.

# મગફળીના ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરતા સિંગતેલમાં ડબ્બે ૧૨૦નો વધારો

ગાંધીનગર,તા.૧૫

આ વર્ષે સાનુકૂળ હવામાન અને સમયસરના વરસાદને કારણે સૌરાષ્ટ્રમાં મગફળીનું બમ્પર ઉત્પાદન થયું છે ત્યારે સરકાર દ્વારા તા. ૨૫મી ઓક્ટોબરથી ટેકાના ભાવે મગફળી ખરીદીની જાહેરાત કરાતા સીંગતેલના ભાવમાં ઉછાળો આવ્યો છે અને ડબ્બાના ભાવ ૧૫૫૦થી ૧૫૭૦ બોલાતા ડબ્બે ૧૨૦નો ઉછાળો આવ્યો છે.

ગુજરાતમાં ચાલુ વર્ષે મગફળીનું બમ્પર ઉત્પાદન થવાનો અંદાજ હોવા છતાં પણ સીંગતેલની બજારમાં ઉઘડતી સિઝને તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. સરકાર દ્વારા ૨૫મી ઓક્ટોબરથી મગફળીની ટેકાના ભાવથી ખરીદીની જાહેરાત કરી હોવાથી સીંગતેલની બજારમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે અને જાહેરાત બાદ ડબ્બામાં રૂ. ૧૨૦નો ઉછાળો આવી ગયો છે.

ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી દ્વારા ગત ૨૪મી સપ્ટેમ્બરના રોજ મગફળીની લાભપાંચમથી પ્રતિ ૨૦ કિલો રૂ. ૯૦૦ના ભાવથી ખરીદી જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત પહેલા અમદાવાદ શહેરમાં સીંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૧૪૪૦થી ૧૪૫૦નો હતો, જે તબક્કાવાર વધીને શુક્વારે રૂ. ૧૫૫૦થી ૧૫૭૦ની સપાટીએ પહોંચ્યો હતો. સીંગતેલની તેજી અંગે બજાર સૂત્રોએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં નવી મગફળીની વેચવાલી એકદમ ઓછી છે. સામાન્ય રીતે આ સમયે દૈનિક ૭૫ હજાર ગુણીની આવક થવી જોઈએ એના બદલે ૪૦થી ૫૦ હજાર ગુણીની જ આવક થાય છે. સરકાર દ્વારા રૂ. ૯૦૦ના ભાવથી ખરીદીની આશાએ ખેડૂતો નીચા ભાવથી મગફળીનું વેચાણ કરતા નથી.



ઓલ ગુજરાત ટિચર્સ દ્વારા કોચરબ આશ્રમથી ટાઉન હોલ સુધી તેમની માંગણીને લઈને રેલી યોજવામાં આવી હતી.

# યોગીએ સુરતના ઉદ્યોગપતિઓને શું કહ્યું કે ભાજપના નેતાઓના મોઢા પડી ગયા

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ગૌરવ યાત્રા માટે ગુજરાતના પ્રવાસે આવેલા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગીએ સુરત ખાતે સુરતના ઉદ્યોગપતિઓ સાથે હોટલ તાજ ખાતેની બેઠકમાં તેમના ઉદ્યોગો લઈ ઉત્તર પ્રદેશ આવવાની સલાહ આપતા ભાજપમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

ગુજરાતના પ્રવાસે આવેલા યોગી આદિત્યાનાથ અને સુરતના હિરા અને કાપડના ઉદ્યોગપતિઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેનો મુખ્ય હેતુ સુરતના નારાજ ઉદ્યોગપતિઓને મનાવવાનો હતો. આ બેઠકમાં યોગીએ પહેલા તો ભાજપને કારણે થયેલા ફાયદાઓ અને ઉદ્યોગ સંબંધમાં કેન્દ્ર સરકારે લીધેલા પગલાની જાણકારી આપી હતી, પણ ત્યાર બાદ જયારે ઉદ્યોગપતિઓ દ્વાર રાજ્ય અને કેન્દ્રના ખોટા નિર્ણયોને કારણે પડી રહેલી તકલીફો અંગે નારાજગી વ્યકત કરી ત્યારે યોગી ઉદ્યોગપતિઓનો મુડ જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

ઉદ્યોગપતિઓએ કહ્યુ હતું કે લાંબા સમયથી તેમના ધંધા ઠપ્પ થઈ ગયા છે અને બેરોજગારીનો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે. ત્યારે યોગીએ ઉદ્યોગપતિઓને સમજાવતા ગુજરાતમાં હિરા અને કાપડ ઉદ્યોગને પડી રહેલી તકલીફોનો હલ બતાડતા કહ્યુ કે જો તેઓ હિરા અને કાપડ ઉદ્યોગને ઉત્તર પ્રદેશમાં લાવવા માગતા હોય તો તેઓ તમામ માળખાકીય સવલતો ઉપરાંત જરૂરી રાજ્ય સહાય પણ આપશે. યોગીએ ગુજરાતના ઉદ્યોગોને ઉત્તર પ્રદેશમાં લઈ જવાની વાત કરતા ત્યાં હાજર ભાજપ નેતાઓના મોઢા પડી ગયા હતા.

# આજે વાઘ બારસ, શુભ મુહૂર્તમાં કરો ગાયની પૂજા સંતાન સુખ થશે ઝડપથી પ્રાપ્ત

ગાંધીનગર,તા.૧૫

સોમવાર અને ૧૬ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ ઉજવાશે વાઘ બારસ. આ બારસને ગૌવત્સ દ્વાદશી તરીકે પણ ઊજવવામાં આવે છે. આ દિવસે દેશના કેટલાક રાજ્યોમાં ગાય અને વાછરડાંની પૂજા અને સેવા કરવામાં આવે છે. આ દિવસ ધનતેરસનો આગલો દિવસ હોય છે દિવાળી પહેલા બારસના દિવસે પણ ખાસ પૂજા,વ્રત અને ઉપાય કરવાથી જીવનના તમામ સુખોની પ્રાપ્તિ થાય છે. આ દિવસને સંતાન પ્રાપ્તિના આશીર્વાદ મેળવવા માટે પણ ખાસ માનવામાં આવે છે. નિસંતાન દંપતિને આજના દિવસની પૂજા અર્ચના કરવાથી સંતાન પ્રાપ્તિનું વરદાન મળે છે. આ દિવસે ભોજનમાં ચોખા, ઘઉં અને દૂધ ન લેવા. સવારે સ્નાનાદિ કર્મ કરી ગાય અને વાછરડાની પૂજા કરી તેને પલાળેલી ચણાની દાળ, મગ, મઠ અને બાજરાનો ભોગ ધરાવવો.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર સોમવારે, ૧૬ ઓક્ટોબરે બારસની તિથિ સવારથી સાંજ સુધી રહેશે. સોમવારે ચંદ્ર સિંહ રાશિમાં અને શુક્ર પૂર્વાફાલ્ગુનીમાં રહેવાથી સાંજે ૧૯:૨૫ સુધી રહેશે.

# સરકાર નિર્ણય નહી લે તો, જન વેદના સંમેલન કરાશે

અમદાવાદ,તા. ૧૫

ગુજરાત રાજયના બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ અને આઉટસોર્સ કર્મચારીઓના કિસ્સામાં અગાઉ રાજય સરકારે યોગ્ય નિરાકરણ લાવવાની આપેલી બાંહેધરીનું પાલન નહી થતાં અને આ તમામ લોકોના પડતર પ્રશ્નોનું સુખદ સમાધાન નહી થતાં ગુજરાત જન અધિકાર મંચ દ્વારા તા.૧૬મી ઓકટોબર સુધીનું રાજય સરકારને અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે, આવતીકાલે આ અલ્ટિમેટમનો છેલ્લો દિવસ છે અને જો સરકાર દ્વારા આવતીકાલે કોઈ યોગ્ય હકારાત્મક નિર્ણય નહી લેવાય તો, તા.૧૭મી ઓકટોબરના રોજ ગુજરાત જન અધિકાર મંચના નેજા હેઠળ ગાંધીનગરમાં જન વેદના મહાસંમેલન યોજાશે. જેમાં રાજયભરમાં હજારો બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ-આઉટસોર્સ કર્મચારીઓ સહિતના લોકો જોડાશે એમ ગુજરાત જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને શહેર પ્રમુખ હિતેશ ગુપ્તાએ અત્રે જણાવ્યું હતું. જો ગુજરાત સરકાર બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ અને આઉટસોર્સ કર્મચારીઓના મુદ્દે અમારા આંદોલન બાદ પણ જો હકારાત્મક નિર્ણય લઈ તેનો અમલ નહી કરે તો રાજયના આ હજારો બેરોજગાર યુવાનો, આંગણવાડી બહેનો, આશાવર્કર, ખેડૂતો અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ સહિતના હજારો લોકો આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત સરકાર વિરૂધ્ધ મતદાન કરી પોતાનો આક્રોશ વ્યકત કરશે.

## ભારે વરસાદથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ થયા છે. બેંગ્લોર શહેરમાં વરસાદ સંબંધિત ઘટનામાં પાંચના મોત થયા છે.

મુખ્યમંત્રી દ્વારા બેંગ્લોરના જુદા જુદા વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકો તરફ ધ્યાન આપવા માટે શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સ્થાનિક ધારાસભ્યોને સૂચના આપી ચુક્યા છે. રસ્તાઓ ઉપર મોટા ખાડા પડી ગયા છે જેના લીધે પણ અકસ્માતો થઈ રહ્યા છે. બેંગ્લોરમાં મોતના બનાવ જુદા જુદા વિસ્તારોમાં નોંધાયા છે. બીજી બાજુ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ કર્ણાટક સરકાર પાસેથી વરસાદને લઈને ઉદાસીનતા રાખવા બદલ રિપોર્ટની માંગ કરી છે. છેલ્લા બે મહિનાથી બેંગ્લોરમાં સતત વરસાદ થઈ રહ્યો છે જે ૨૦૧૭માં સૌથી વધુ વરસાદનો આંકડો નોંધાઈ ચુક્યો છે. હૈદરાબાદ, મૈસુર અને આસપાસના વિસ્તારોમાં પણ ઉલ્લેખનીય વરસાદ થયો છે. આઈએમડીના ડિરેક્ટર રમેશ બાબુએ કહ્યું છે કે, શુક્રવારના દિવસે ભારે વરસાદના કારણ જનજીવન ખોરવાઈ ગયું હતું. જાણકાર લોકોનું કહેવું છે કે, ક્લાઈમેટચેંજની બદલાઈ રહેલી સ્થિતિ પણ આના માટે જવાબદાર છે. અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત વિસ્તારોમાં ખસેડવામાં આવ્યા છે. બીજી બાજુ ભાજપના રાજ્યપ્રમુખ યેદીયુરપ્પા, કેન્દ્રીય મંત્રી સદાનંદ ગૌડા અસરગ્રસ્તોને મળવા પહોંચ્યા હતા અને એક લાખના વળતરની જાહેરાત કરી હતી.

## સંબોધશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસેના ટોલ પ્લાઝા નજીક વિશાળ ગ્રાઉન્ડમાં યોજાનારા પેજ પ્રમુખોના રાજયવ્યાપી ગુજરાત ગૌરવ મહાસંમેલનને લઈ ગુજરાત આવી રહ્યા છે, જેને લઈ ભાજપના કાર્યકરોથી માંડી સ્થાનિક નેતાઓ અને આગેવાનોમાં ભારે ઉત્સાહનો માહોલ છવાયો છે. મોદીના મહાસંમેલનમાં અમદાવાદ શહેર સહિત ગુજરાતભરમાંથી પેજ પ્રમુખો, કાર્યકરો સહિત સાત લાખથી વધુ લોકો ઉમટવાનો અંદાજ છે. આટલી મોટી સંખ્યામાં જનમેદની ઉમટનાર હોઈ ભાજપના સ્થાનિક નેતાઓ અને આગેવાનો દ્વારા મહાસંમેલનને સફળ બનાવવા માઈક્રોપ્લાનીંગ કરાયું છે. આવતીકાલના મહાસંમેલનમાં વિધાનસભા ચૂંટણીમાં પેજ પ્રમુખોની જવાબદારી બહુ મહત્વની હોઈ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી વ્યૂહરચનાના ભાગરૂપે પ્રેજ પ્રમુખો-કાર્યકરોને સંબોધન કરી તેમને ખાસ ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપી ઉત્સાહ વધારશે. મોદીના મહાસંમેલનમાં રાજયભરમાંથી પેજપ્રમુખો, કાર્યકરો, આગેવાનો અને નેતાઓ સહિત સાત લાખથી વધુ લોકો ઉમટશે. માત્ર અમદાવાદમાંથી જ આશરે એક હજાર કરતાં પણ વધુ બસો ભરીને પેજપ્રમુખો-કાર્યકરોને ભાટ ગામે મોદીના સંમેલનમાં લઈ જવાશે. આ સિવાય ટુ-વ્હીલ, ફોર વ્હીલર સહિતના ખાનગી વાહનો અલગ. અમદાવાદ શહેરના ૪૮ વોર્ડોમાં દરેક વોર્ડના બુથ પ્રમુખો સહિતના આગેવાનોને બસો ભરી ભરીને પેજ પ્રમુખો વડાપ્રધાન મોદીના મહાસંમેલનમાં લાવવાની જવાબદારી સોંપાઈ છે.

## અટપટુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિતીઓ સંદર્ભે પણ વિવિધ પ્રશ્નોનો સમાવેશ થયો હતો.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજયમાં પોલીસ ઈન્સપેકટરની ભરતીને અનુલક્ષી આજે પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. રાજયમાં ૧૧૫ પોલીસ ઈન્સપેકટરની ભરતી માટે યોજાયેલી આ કસોટી ઉમેદવારો માટે કપરી પુરવાર થઈ હતી. સમગ્ર રાજયમાં પોલીસ ઈન્સપેકટરની પરીક્ષા માટે ૨.૩૦ લાખ ઉમેદવારો નોંધાયા હતા. રાજયના ૩૩ જિલ્લાના વિવિધ ૮૮ કેન્દ્રો પર પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. બપોરે ૨ થી ૫ દરમિયાન પરીક્ષા લેવાઈ હતી. ઓ એમ આર પધ્ધતિથી લેવાયેલી આ કસોટીમાં કુલ ૩૦૦ ગુણના પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. પરીક્ષાર્થીઓને પેપર અઘરુ લાગ્યુ હતુ. પ્રશ્નપત્રમાં ઈતિહાસ તેમજ કરન્ટ અફેર્સના પ્રશ્નો વિશેષ પુછાયા હતા. જેમાં નોટબંધી, ભારતની નીતિઓ રીઝર્વ બેંક સહીત રમત ગમત તેમજ રાજનીતીને લગતા પ્રશ્ના પણ પુછાયા હતા. વર્ગ-૨ ના ઉમેદવારો માટે આ કસોટી અઘરી અને લેન્ધી પુરવાર થઈ હતી. અટપટા પ્રશ્નોના લીધે સમય વધુ આપવાની ફરજ પડી હતી. જેના લીધે તમામ પ્રશ્નોના જવાબ આપવાનુ મુશ્કેલ બન્યુ હતુ. જો કે પ્રશ્નપત્ર સિલેબસ આધારિત હતુ.

## કાનૂન અને કાયદો

● ૪ પાનાનું ચાલુ...

નિવેદન સામે હિંમતસીંહ મેટ્રોપોલીટન કોર્ટમાં બદનક્ષીની ફરીયાદ દાખલ કરેલ જે હાલમાં અનિર્ણીત છે.

આમ ચર્ચાસ્પદ નિવેદનો અને હાઈપ્રોફાઈલ કેસોમાં બદનક્ષીની ફરીયાદ કે દાવો કર્યા બાદ કોર્ટના ચક્કરમાં યેનકેન રીતે મુદતો પડતા બન્ને પક્ષકારો હારી થાકી કંટાળી કેસો કોર્ટ બહાર સમાધાન કરી લે છે અગર તો ફરીયાદ કે દાવો પરત ખેંચે છે.

પૂર્વ મંત્રી દિલીપ સંઘાણી દ્વારા ગુજરાત સમાચાર ઉપર કરેલ ૫૦૦ કરોડના બદનક્ષીની ફરીયાદ તથા દાવો હાલમાં ગાંધીનગર કોર્ટમાં પેન્ડીંગ છે. ચૂંટણી પતતા આવા વિવાદનો અંત આવતો હોય છે.

તાજેતરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી હાઈપ્રોફાઈલ તથા સંઘર્ષમય થવાની સંભાવના હોય હજુ કેટકેટલા વિવાદસ્પદ નિવેદનો રાજકિય નેતાના ચૂંટણી દરમ્યાન આવે છે તે જોવાનું રહ્યું અને કેટલીક ફરીયાદો તથા દાવા દુવી, બદનક્ષી અંગે થશે તે નક્કી છે.

બદનક્ષીનો કેસ કરાતા જે તે સમયે વિવાદ ઉપર બ્રેક ચોક્કસ લાગે છે અને પ્રજા બનેલ બનાવ ટૂંક સમયમાં ભુલી જાય છે અને પક્ષકારો કોર્ટ બહાર સમાધાન કરી લેતા વિવાદનો અંત આવે છે.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

પંડિત મદન મોહન માલવિયાના એ અંકિત શબ્દો છે: ‘ભારત એ કાંઈ માત્ર હિંદુઓનો દેશ નથી. આ દેશ તો મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને પારસીઓનો પણ છે. ભારતમાં વસતા અલગ અલગ કોમના લોકો પારસ્પારિક સદભાવના અને એખલાસથી રહેતા હોય ત્યારે જ એ શક્તિશાળી બને અને વિક્સી શકે.’ બનારસ હિંદુ યુનિવર્સિટીને હિંદુઓની અને અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીને માત્ર મુસ્લિમોની ગણાવવા જતાં ઘણાં જોખમ વહોરવામાં આવતાં હોવાનું રખે ચૂકાય. ધર્મ અને નાતજાતના વાડાઓમાંથી બહાર આવીને વિચારીને જ શાસન કરવામાં ગનીમત છે. કમનસીબે ધાર્મિક વિખવાદને ધોરણે અને ધાર્મિક દષ્ટિએ સંસ્થાઓ અને પ્રજાને વહેંચીને તડાં પાડવાનું રાજકારણ ખેલવામાં લાભ ખાટી જનારાઓ દેશનું કેટલું મોટું નુકસાન કરે છે એ સમજી લેવાની જરૂર ખરી.

ક્યારેક ભારતીય જનતા પાર્ટીના ગુજરાતી સાંસદ રહેલા ચાના વેપારી અને બલરાજ મધોકના નિધન પછી જનસંઘના એકમેવ નેતા એવા પ્રફુલ્લ ગોરડિયાએ તો અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને જામિયા મિલિયા ઈસ્લામિયા જેવી દેશની બંને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓને ‘પાકિસ્તાનના સર્જન માટે જવાબદાર’ ગણાવા સુધી જવાનું પસંદ કર્યુ હતું. ઈતિહાસને વિકૃત રીતે રજૂ કરવાથી આવાં તારણ મળવાં સ્વાભાવિક છે. ગોરડિયા વીસરી જાય છે કે અલિગઢ અને જામિયા બેઉ સાથે અનેક ભારતીય સ્વાતંત્ર્ય સૈનિકોનો ઘનિષ્ઠ સંબંધ આવ્યો. મોહમ્મદ અલી ઝીણાએ પોતાના વસિયતનામામાં અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી માટે અમુક દાન ફાળવ્યું હતું એટલે દાતાની તક્તી અહીં મૂકાય એ સામે ઘણા ટૂંકી દષ્ટિના લોકોને વાંધો હોઈ શકે, પણ એ ભૂલી જાય છે કે બીએચયુ અને એએમયુ બંને ભારત-પાકિસ્તાન અલગ થયાં એના ઘણાં દાયકાઓ પહેલાં સ્થપાઈ હતી. ભાજપી મુખ્ય પ્રધાન સાહિબ સિંહ વર્મા પણ અલિગઢના પ્રોડક્ટ છે અને જમ્મૂ-કાશ્મીરના મુખ્ય પ્રધાન રહેલા શેખ અબ્દુલ્લા પણ. ભારતરત્ન ખાન અબ્દુલ ગફાર ખાન અને રાષ્ટ્રપતિ રહેલા ડૉ. ઝાકિર હુસૈન પણ એએમયુમાં જ ભણ્યા!મહાત્મા ગાંધીનો પણ એએમયુ,બીએચયુ તથા જામિયા મિલિયા સાથે સ્વજનભાવ રહ્યો હતો.

ભાજપના વડપણવાળી કેન્દ્ર સરકાર એક બાજુ ‘સબ કા સાથ, સબ કા વિકાસ’નો નારો આપે છે. અને બીજી બાજુ, મુસ્લિમો માટે ૫૦ ટકા બેઠકો અનામત રાખીને ભણવાની સગવડ આપતી અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ)ના લઘુમતી દરજ્જાને દૂર કરવાનો આગ્રહ સેવે છે. કેન્દ્ર સરકાર થકી અનુદાન પ્રાપ્ત બીએચયુ અને એએમયુ બેઉને શૈક્ષણિક ક્ષેત્રે સુવિધા સંપન્ન બનાવીને વંચિતોને શિક્ષણનો વધુ લાભ મળે એ દિશામાં પ્રયત્નશીલ રહેવાની જરૂર છે. ત્યાં હિંદુ-મુસ્લિમનાં રાજકારણ ન જાણે ક્યાં સુધી ચાલતાં રહેશે?ભારત હિંદુ રાષ્ટ્ર નથી. માત્ર મહાત્મા ગાંધી અને વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ જ નહીં, સરદાર પટેલ અને ડૉ.બાબાસાહેબ આંબેડકરે પણ ભારતને હિંદુ રાષ્ટ્રમાં ફેરવવા સામે સદૈવ લાલ બત્તી ધરીને પંડિત મદનમોહન માલવિયાએ ઉચ્ચારેલા શબ્દોનું જ ફરી ફરીને રટણ કર્યું છે. આવશક્યતા તો ‘સબ કા સાથ સબ કા વિકાસ’ની છે. પ્રત્યેક ભારતવાસીને શ્રેષ્ઠ શિક્ષણ સુવિધા મળે એવી વ્યવસ્થા વડા પ્રધાન નરેન્દ્ર મોદી કરે એવી જનસામાન્યની અપેક્ષા છે, ત્યારે ધાર્મિક વિતંડતાવાદનાં રાજકારણ મોદીને અભિપ્રેત વિકાસ મોડેલના અમલમાં અવરોધ સર્જે એ સ્વાભાવિક છે.

યુજીસીની સમિતિએ અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ)ને એનાં બીજ રોપનાર સર સૈયદ અહમદ ખાનનું નામ આપવાની પણ ભલામણ કરી છે. એ જ ભૂમિકા પર બનારસ હિંદુ યુનિવર્સિટી (બીએચયુ) સાથે પંડિત મદનમોહન માલવિયાનું નામ જોડવાની દરખાસ્ત સંસદમાં ફરી એક વાર આવી શકે. જસ્ટિસ ચાગલાના વખતમાં ભલે એ મંજૂર ના થઈ હોય, મોદીયુગમાં એ જરૂર મંજૂર થઈ શકે. આમ પણ વડા પ્રધાન મોદી બનારસના સાંસદ છે અને મહામના એમના આરાધ્ય પુરુષ છે. જોકે, ભારે વિવાદ તો અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીને સર સૈયદ અહમદ ખાન નામ આપવા બાબત થઈ શકે, કારણ સંઘપરિવાર અને જનસંઘ-ભાજપની નેતાગીરી સર સૈયદ અહમદ ભણી ભારે નફરત ધરાવે છે અને એમને ભાગલાનું માનસ પ્રેરનાર લેખાવે છે.

- haridesai@gmail.com